મનપાના ઉધના ઝોનમાં પાણીના ટેન્કરો ભંગાર હાલતમાં પડી રહ્યા હોવાનો કોંગ્રેસનો આક્ષેપ

સુરતઃ દસ હજારથી વધુ બજેટ ધરાવતી સુરત મનપાના ઉધના ઝોનમાં છેલ્લા ચાર મહીનાથી પાણીના ટેન્કર કન્ડમ હાલતમાં પડયા હોવાનો આક્ષેપ કોંગ્રેસના પુર્વ કોર્પોરેટર અસલમ સાયકલવાલાએ કર્યો હતો. આ સાથે પાણીના ટેન્કર જર્જરીત હોવાને પગલે લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું. ઉધના ઝોનમાં ખટોદરા જળ વિતરણ મથક પરથી જ્યારે ઝોન વિસ્તારમાં પાણીની જરૂરીયાત સર્જાય ત્યારે તેમજ અન્ય પ્રસંગો પર રહેણાંક વિસ્તારોમાં ત્રણ હજાર લીટરનાં નાના ટેન્કરનાં ૬૦૦ અને દસ હજાર લીટરનાં મોટા ટેન્કરનાં રૂપિયા ૧,૨૦૦ પ્રમાણેનો ચાર્જ વસુલી ટેન્કરના માધ્યમથી પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે. રહેણાંક વિસ્તારોમાં નાના રોડ, ગલીઓ હોવાનાં કારણે ત્રણ હજાર લીટર વાળા નાના ટેન્કરની જરૂરીયાત વધુ રહે છે. પરંતુ છેલા ચાર મહિના થી ખટોદરા જળ વિતરણ મથક ખાતે ત્રણ હજાર લીટર ટાંકી ધરાવતા નાનો ટેન્કર બંધ (કન્ડમ) પરિસ્થિતિમાં છે. જેનાં કારણે સ્થાનિક લોકોને ઘણી મુશ્કેલી થઈ રહી છે. લોકો ને નાનો ટેન્કર ન હોવાથી ફરજીયાત મોટા ટેન્કર નોંધાવવાની ફરજ પડી રહી છે. જેના કારણે લોકોને આર્થિક નુકશાન અને જરૂરીયાત કરતા વધુ પાણી વેડફાય રહ્યું છે.

સુરત સિવિલ હોસ્પિ.માં દ્વિ-દિવસીય કોન્ફરન્સમાં ૧૨૫થી વધુ રેડિયોલોજીસ્ટો પેનલ ડિસ્કસનમાં સહભાગી થયા

સુરત, તા.૨૭ સુરત સિવિલ હોસ્પિટલ ખાતે દિવસીય કોન્ફરન્સનું આયોજન કરવામાં

રેડિયોલોજીકલ એન્ડ ઈમેજિંગ એસોસિએશન સુરત અને ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ સુરતના રેડિયોલોજી વિભાગના સંયુક્ત ઉપક્રમે ગતરોજ બે રેડિયોલોજીકલ એન્ડ ઈમેજિંગ આવ્યું હતું. એસોસિએશન સુરત અને ગવર્નમેન્ટ રેડિયોલોજીકલ એન્ડ ઈમેજિંગ મેડીકલ કોલેજ સુરતના રેડિયોલોજી એસોસિએશન સુરતના પ્રમુખ ડો. ઉદય સુરાનાએ જણાવ્યું કે તબીબી વિજ્ઞાનમાં રેડિયોલોજીએ નિદાન માટે અગત્યની ભૂમિકા ભજવે છે. દર્દીની સારવારનો

રેડિયોલોજીકલ એન્ડ ઈમેજિંગ એસો. અને ગવર્નમેન્ટ મેડીકલ કોલેજના રેડિયોલોજી વિભાગના સંયુક્ત ઉપક્રમે કોન્ફરન્સ યોજાય

આધાર નિદાન પર રહેલો છે ત્યારે આ સેમીનાર 'મસ્ક્યુલોસ્કેલેટલ એન્ડ ઈન્ટરવેન્શનલ રેડિયોલોજી ફોર અપર લિમ્બ વિથ કેડેવેરિક ડિસેક્શન' વિષય પર રાખવામાં આવ્યો.

જેમાં સોનોગ્રાફી, એમ.આર.આઈ દ્વારા સાંધાના નિદાન વિષે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ આયોજન સિવિલ હોસ્પિટલના રેડિયોલોજી વિભાગના હેડ અને વર્કશોપના ચેરપર્સન ડો. પૂર્વી દેસાઈના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યુ હતુ. બે દિવસીય વર્કશોપમાં ઓર્ગેનાઇઝીંગ સેક્રેટરી તરીકે ડો. હિતેશ લુખી તેમજ ડો. ભગવતી ઉકાણીએ જવાબદારી નિભાવી હતી. વર્કશોપમાં ડો. ગૌરવ કાન્ત શર્મા, ડો.ચૈતાલી પારેખ, ડો.વિરાટ વાઘેલાએ સુરતના ૧૨૫ કરતા વધારે રેડિયોલોજીસ્ટોને પોતાના અનુભવો અને જ્ઞાનનો લાભ આપ્યો હતો. સુરતના ડો. નિમિત દેસાઈ, ડો.કૃણાલ શાહ (ઓર્થોપેડિક સર્જન) ડો. શીવાચાર્ય (ઓર્થોપેડિક સર્જન) એ પેનલ ડિસ્કસન દ્વારા નિદાન અંગેના પ્રશ્નો ના જવાબો આપ્યા હતા. સમગ્ર ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યો હતો. આ સેમીનારમાં રેડિયોલોજી એસોસિએશન ગુજરાતના પ્રમુખ ડો. નવીન પટેલ, પૂર્વ પ્રમુખ ડો. મોના શાસ્ત્રી, સીનીયર ડોક્ટર્સ તેમજ સ્મીમેર, સિવિલ અને કિરણ હોસ્પિટલના રેસીડેન્ટ ડોક્ટરોએ ભાગ લીધો હતો. ગુજરાત મેડીકલ કાઉન્સિલ તરફથી ઓબ્ઝર્વર તરીકે શહેરના જાણીતા તબીબ ડો. વિજય શાહ ઉપસ્થિત રહ્યા હતા.

સુરતના નાનપુરા જૈન સંઘમાં આજે જૈનાચાર્ય યોગતિલકસૂરિજીનું આગમન

સુરતઃ સાડાત્રણ વર્ષ પૂર્વે સુરતમાં એક જ મંડપે ૭૪-૭૪ દીક્ષાઓ પ્રદાન કરી અમદાવાદ પધારી ગયેલા 'ગુરુજિનસંયમ' કૃપાપ્રાપ્ત જૈનાચાર્ય યોગતિલકસૂરિજી ફરી સુરત પધારી રહ્યા છે. જેમના આગમન ટાણે સુરતના જૈનોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. ૨૮ એપ્રિલે આચાર્યનો નાનપુરા શાંતિકનક જૈન સંઘ ખાતે ગચ્છાધિપતિ આચાર્ય સોમસુંદરસૂરિજીની સાથે ઠાઠમાઠથી પ્રવેશ થનાર છે. આ વખતે સુરતના જૈનોમાં વિશેષ ઉલ્લાસનું કારણ એ છે કે ગત વર્ષે અમદાવાદ ખાતે ઐતિહાસિક ૩૫ દીક્ષા પ્રદાન કરી ત્યારે આચાર્ય વર્તમાન જૈનશાસનના એકમાત્ર એવા હયાત ધર્માચાર્ય બન્યા છે જે ૧૦૦થી વધુ પોતાના સીધા શિષ્યો તથા ૩૦થી વધુ પ્રશિષ્યાદિના ગુરુપદે વિરાજમાન હોય. આ ભૂમિકાએ પહોંચેલા આચાર્યને આવકારવા તડામાર તૈયારી ચાલી રહી છે. આચાર્યના પ્રપ્રગુરુ શાંતિચંદ્રસૂરિજી મહારાજા, જેમના નામે બહોળો સાધુ સાધ્વી સમુદાય ઓળખાય છે તેમની દીક્ષાસ્વીકારનું અત્યારે શતાબ્દી વર્ષ ચાલી રહ્યો છે. તે નિમિત્તે આચાર્યએ સ્વયં આટલી જવાબદારીઓ અને વિહારોની વચ્ચે એક વર્ષ સુધી એકાંતરે નકોરડા ઉપવાસનો આકરો તપ લીધો છે.

સુરતમાં જૈન અનુષ્ઠાન સંસ્થાના ઉપક્રમે રજી મેથી ત્રણ દિવસ ગોષ્ઠિનું આયોજન

સુરતઃ જૈન અનુષ્ઠાન સંસ્થા દ્વારા સર્વે ભવન્તુ સુખીના સંકલ્પ સાથે ૨,૩ અને ૪ મેના રોજ સવારે ૧૦થી રાત્રીના ૮ વાગ્યા સુધી સુરતમા એક ગોષ્ઠિના આયોજન રૂપે વિશ્વની મંગલ કામના માટે પ્રાર્થના કરશે. નિકુંજ ગુરુજી અને સિદ્ધ સાધક ધરણેન્દ્ર ગુરુજીએ જણાવ્યું હતુ કે, કોરોનાકાળથી હીલિંગની વિશિષ્ટ સાધના આખું વિશ્વ કરી રહ્યુ છે, જેનો મુખ્ય સંકલ્પ સર્વે વ્યક્તિઓ સ્વસ્થ બને, વ્યાપારમા પ્રગતિ કરે અને પરસ્પર પ્રેમ ભાવના વધે. સરદાર હોલ S.V.P.B ગેસ્ટ હાઉસ, કેન્દ્રીય વિદ્યાલયની પાસે, ઈચ્છાનાથ,સુરત ખાતે આયોજિત આ ગોષ્ઠિમાં આપણા જીવનમાં આવતી શારીરિક સમસ્યાઓને હલ કરી નિરોગી બનાવવામા આવશે. જૈન મંત્ર આરાધના, ચક્ર શુદ્ધિકરણ, ભક્તામર હિલિંગ, રેકી હિલિંગ, મંત્ર થેરાપી, સાઉન્ડ હિલિંગ, ન્યુમરોલોજી, જૈન જ્યોતિષ અને જૈન વાસ્તુશાસ્ત્રના વિશિષ્ટ પદાર્થોની લાઈવ ચર્ચા અને સરળ માર્ગદર્શન આપવામાં આવશે. જૈન શાસનના ગહન રહસ્યો, તત્વ ચર્ચા, રાત્રી ભોજન ત્યાગ, કંદમૂળ ત્યાગથી આરોગ્યમાં જે વિશેષ લાભ થઈ રહ્યો છે તે બધી રેકી, હિલીંગ ઓરા વિજ્ઞાન સાથે બતાવવામાં આવશે. યોગા અને ધ્યાનથી ગમે તેટલી ગંભીર બીમારીમાં સ્વસ્થ થવાય તેની ટેકનીક બધાને શીખવાડવામાં આવશે. પીડિત,દુઃખી અને કોઈપણ સમસ્યાઓમાં ઘેરાયેલા લોકો માટે આ મંત્ર આરાધના વિશેષ વરદાન રુપ સાબિત થશે.

અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારમાં હોટેલ ફર્ન રેસીડેન્સીનું ઉદ્ઘાટન

અમદાવાદઃ પર્યાવરણ સંવેદનશીલ તરીકે જાણીતી ધ ફર્ન હોટેલ્સ એન્ડ રિસોર્ટસ્એ અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારમાં આવેલી હોટલ ઈન્દર રેસીડેન્સીનું મેનેજમેન્ટ હાથમાં લીધું છે. અમદાવાદમાં આ બીજી ફર્ન રેસીડેન્સી છે. ગુજરાતમાં નાના કચ્છના રણ તરીકે જાણીતા નળ સરોવર નજીક આવેલા ઘુડખર અભ્યારણને અડકીને આવેલા વિસ્તારમાં ફર્ન સત્વ

રિસોર્ટ અને ગિરના જંગલમાં આવેલા અન્ય રિસોર્ટ સહિત ગુજરાતમાં તેની કુલ 29 હોટેલ અને રિસોર્ટ હતા હવે તેમાં આ નવી હોટેલનો ઉમેરો થતાં ગુજરાતમાં તેની હોટેલ્સ ચેનમાં એકનો વધારો થઈને 30 પર પહોંચી છે. દેશમાં તેની 114 હોટલો છે એક વર્ષનું 130 હોટેલ સુધી પહોંચવાનો લક્ષ્યાંક છે. ધી ફર્ન હોટેલ્સ એન્ડ રીસોર્ટ્સના એમડી સુરેલ કન્નમ્પિલીના જણાવ્યા મુજબ આ હોટેલ્સમાં પર્યાવરણના તમામ ધોરણોને કેન્દ્રમાં રાખવા સાથે ઓર્ગેનિક ફૂડ પર ખાસ ધ્યાન રાખવામાં આવે છે. આ હોટેલમાં રાઉન્ડ ક્લોક કેફે '24 કેરેટ' માં આંતરરાષ્ટ્રીય પ્રેરિત મેનુ સાથે અવનવી વાનગીઓ પીરસવામાં આવે છે.

મોતીલાલ ઓસ્વાલ હોમ ફાઈનાન્સ લિમિટેડ
CIN - U65923MH2013PLC248741 નોંધિત : મોતીલાલ ઓસ્વાલ ટાવર,રહેજા સેન્ટર,૨૧મી મંજુલા નરીમન પોઈન્ટ,નરીમન પોઈન્ટ,મુંબઈ - ૪૦૦૦૨૧ ટેલિફોન : ૩૧૯૨૦૦૦૦ વેબસાઈટ : www.motilaloswalhf.com ઈમેઈલ : - nhfquery@motilaloswal.com

જાહેર નોટીસ

મોતીલાલ ઓસ્વાલ હોમ ફાઈનાન્સ લિમિટેડ ('એમઓએચએફએલ') (અગાઉ એસ્પાયર હોમ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ તરીકે ઓળખાતી)માથી દેવાદારો નામે **અશોકભાઈ નરશીભાઈ પરમાર** અને **નરશી ગોવિંદભાઈ પરમાર** (જેમનો હવે પછી 'દેવાદારો' તરીકે થશે) લોન ખાતા નં. LXSUR00215-160019023 ને તેમની નીચે જણાવેલી મિલકત તમામ ખંડ અને અખંડિત ભાગની મિલકતફ્લેટ નં. સી-૨૦૬ ,બીજા માળે ,બિલ્ડીંગ નં.બી-૧ ,ગિંગસી ,રાધે કિષ્ણા રેસીડેન્સી ,બ્લોક નં.૪૮ ,૪૯ ,૮૧ ,બિલ્ટઅપ એરિયા ૩૫.૫૦ ચો.મી. શ્રીજી સુપર સ્ટોરની સામે ,સિવાણ રોડ ,મોજે સાયણ ,તા.ઓલપાડ ,જિ.સુરત -૩૯૪૧૩૦ **(સુરક્ષિત મિલકત)** માંથી તેમની અંગત ચીજ વસ્તુઓ/ આર્ટીકલ્સ આ નોટીસ પ્રકાશિત થયાના દિન-૭ (સાત)માં હટાવી લેવા નોટીસ આપે છે.જે સરફાયેસી એક્ટ,૨૦૦૨ની જોગવાઈ મુજબ એમઓએચએફએલના વાસ્તવિક કબજામાં છે.જો દેવાદારો નિર્ધારીત૭ દિવસનાસમયમાં એમ કરવામાં નિષ્ફળ જશે તો એમઓએચએફએલ એનો નિકાલ જાહેર હરાજીથી કે એવી બીજો ખરીદવામાં રસ ધરાવનારને વેચાણ કરવાના અધિકારોનો ઉપયોગ કરશે.

સ્થળ : સુરત **વતિ, મોતીલાલ ઓસ્વાલ હોમ ફાઈનાન્સ લિમિટેડ**
તારીખ : ૨૮-૦૪-૨૦૨૫ **સહિ/-અધિકૃતઅધિકારી**
" ભાષાંતરમાં ત્રુટી અથવા વિસંગતતા હશે તો અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.

TATA

ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ
રજિ.ઓફિસ : ૧૧મા માળે , ટાવર - એ ,પેનીન્સુલા બિઝનેસ પાર્ક , ગણપતરાવ કદમ માર્ગ , લોઅર પરેલ ,મુંબઈ - ૪૦૦૦૧૩.
બ્રાન્ચનું સરનામું:ઓફિસ નં.૨૦૮ થી ૨૧૨,બીજા માળે ,ઈકો કુટુર્ગ, ખાતુ શ્યામજી મંદિરની નજીક,ન્યુ સીટી લાઈટ રોડ,સુરત - ૩૯૫૦૦૭

સ્થાવર મિલકતના વેચાણ માટેની નોટીસ
(સિકયુરિટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ)રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૬) અને૯(૧) અંતર્ગત)
સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ , ૨૦૦૨ (એકટ) સાથે વંચાણે લેતા સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ,૨૦૦૨ (રૂલ્સ) ના રૂલ ૮(૬) અને(૧)અંતર્ગત સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ - ઓકશન નોટીસ

આથી જાહેરજનતાને અને ખાસ કરીને નીચે જણાવેલા દેવાદાર અને /સહ દેવાદાર અથવા તેમના કાનૂની વારસદારો/ પ્રતિનિધિઓ(દેવાદારો) જેમની નીચે જણાવેલ સ્થાવર મિલકત જે ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિ.(ટીસીએચએફએલ) પાસે ગીરો મુકેલ હતી,જેનો વાસ્તવિકકબજો ટીસીએચએફએલના અધિકૃતઅધિકારીએ લીધેલ છે ,જેનું વેચાણ **૨૯-૦૫-૨૦૨૫**ના રોજ **'જેમ છે જયાં છે' અને 'જે છે તે છે' અને ' ગમે ત્યાં હોય'ના ધોરણે** નીચે જણાવેલા દેવાદારો અને સહદેવાદારોના બાકી લેણાની વસુલાત માટે કરવામાં આવનાર છે.અનામત કિમત અને અર્નેસ્ટ મની ડીપોઝીટની જાણકારી નીચે મુજબ છે.આથી નોટીસ આપવામાં આવે છે કે કોઈ પણ સ્વગિતકરવાના/વેચાણ બંધ કરવાના નર્ણયિની ગેરહાજરીમાં ઉકત સંપત્તિ/મિલકતનું ઈ - ઓકશન દ્વારા **૨૯-૦૫-૨૦૨૫** ના રોજ બપોરે ૦૨.૦૦ વાગ્યે કરવામાં આવશે.ઈ -ઓકશનમાં ભાગ લેવા માટે બીડરોએ સીલ્ડ કવરમાં ઈએમડીની રકમનો ડિમાન્ડ ડ્રાફ્ટ ટીસીએચએફએલના અધિકૃતઅધિકારીને **૨૮-૦૫-૨૦૨૫** ના સાંજે ૫.૦૦ કલાક સુધીમાં **ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિ.**ની બ્રાન્ચ સરનામું: ઓફિસ નં.૨૦૮ થી ૨૧૨,બીજા માળે , ઈકો કુટુર્ગ,ખાતુ શ્યામજી મંદિરની નજીક ,ન્યુ સીટી લાઈટ રોડ,સુરત - ૩૯૫૦૦૭ ખાતે પહોંચાડવાનું રહેશે.ગીરો સ્થાવર મિલકતનું વેચાણ ' જયાં જે સ્થિતીમાં છે 'ના ધોરણે થશે જેની વિગતો નીચે જણાવ્યા મુજબની છે :

અ. નં.	લોન ખાતા નં.	દેવાદાર(રો), સહ દેવાદાર (રો), કાનૂની વારસદાર(રો), કાનૂની પ્રતિનિધિ(ઓ) ના નામ	ડીમાન્ડ નોટીસ મુજબની બાકી રકમ	અનામત કિંમત	અર્નેસ્ટ મની	કબજાનો પ્રકાર	બાકી રકમ
1	10383252	શ્રીમતી પ્રવિણાબેન ભરતભાઈ સુતરીયા, શ્રી ભરત બાબુભાઈ સુતરીયા	Rs.13,90,697/- (રૂપિયા તેર લાખ નેવુ હજાર છસ્સો સત્તાણુ પુરા) અને 07-10-2024	Rs.14,98,500/- (રૂપિયા ચૌદ લાખ અઠ્ઠાણુ હજાર પાંચસો પુરા)	Rs.1,49,850 /- (રૂપિયા એક લાખ ઓગણપચાસ હજાર આઠસો પચાસ પુરા)	વાસ્તવિક	Rs.15,57,995/- (રૂપિયા પંદર લાખ સત્તાવન હજાર નવસો પંચાણુ પુરા) તા.૨૮.૦૪.૨૦૨૫ ના રોજ

સ્થાવર મિલકતનું વર્ણન : તમામ અધિકારો ,ખંડ અને અખંડિત ભાગોની બનેલી સ્થાવર મિલકતફ્લેટ નં. ૫૦૩,ચોથા માળે ,બિલ્ડીંગ નં.એચ-૨, (મંજુર પ્લાન મુજબ)ક્ષેત્રફળ ૪૧.૪૯ ચો.મી. અને (રેરા/કથિત એકટ મુજબ) કાર્પેટ એરિયા ક્ષેત્રફળ ૪૨.૫૫ ચો.મી.ની સાથે સ્ટાર પવિત્ર નગરી ની અવિભાજિત જમીનનો સપ્રમાણ ભાગ તથા આંતરીક અને બાહ્ય ઉપયોગના અધિકારો રહેણાંક હેતુની બિનખેતી જમીન બ્લોકનં.૨૮૧૫,ટીપી સ્કીમ નં.૪૮(ખોલવડ),ફા.પ્લોટ નં.૮૬ , મોજે ગામ ખોલવડ ,પેટા જિ.કામરેજ ,જિ.સુરત ગુજરાત **ચતુઃસીમાઃ** પૂર્વે : આર-૦૯ સબ સેન્ટર,પશ્ચિમે: ફા.પ્લોટ નં.૮૭,ઉત્તરે: ૨૪ મી.નો ડી.પી.રોડ,દક્ષિણે: ૧૮ મી.નો ટીપી રોડ

2	10491542	રવિ મનસુખભાઈ ચાંગાણી ,કલ્પનાબેન પ્રેમજીભાઈ ચાંગાણી	Rs. 15,13,955/- (રૂપિયા પંદર લાખ તેર હજાર નવસો પંચાવન પુરા)અને 15-10-2024	Rs.17,28,000/- (રૂપિયા સત્તર લાખ અઠ્ઠાવીસ હજાર પુરા)	Rs.1,72,800 /- (રૂપિયા એક લાખ બોતેર હજાર આઠસો પુરા)	વાસ્તવિક	Rs.16,94,756/- (રૂપિયા સોળ લાખ ચોરાણુ હજાર સાતસો છપ્પન પુરા) તા.૨૮.૦૪.૨૦૨૫

સ્થાવરમિલકતનું વર્ણન : તમામ અધિકારો ,ખંડ અને અખંડિત ભાગોની બનેલી સ્થાવર મિલકતફ્લેટ નં. ૮૦૧ ,બિલ્ટઅપ એરિયા ક્ષેત્રફળ ૩૯.૮૪ ચો.મી. અને કાર્પેટ એરિયા ક્ષેત્રફળ ૩૬.૫૪ ચો.મી.ની સાથે ભકિત હાઈટસ બિલ્ડીંગ નં. 'ડી' ૮મા માળેની અવિભાજિત જમીનનો ૧૪.૯૪ ચો.મી. ભાગ તથા આંતરીક અને બાહ્ય ઉપયોગના અધિકારો રહેણાંક હેતુની બિનખેતી જમીન ક્ષેત્રફળ ૫૪૫૩ ચો.મી. ફા.પ્લોટ નં.૨૩૧ ,ટીપી સ્કીમ નં.૬૬ , બ્લોક નં.૭૭૨ , ક્ષેત્રફળ ૭૭૯૦ ચો.મી. રે.સ.નં.૪૭૬/૩ , ગામ કોસાડ ,પેટા જિ.તા. અડાજણ ,જિ.સુરત ગુજરાત **ચતુઃસીમાઃ** પૂર્વે : સોસાયટીનો રોડ , પશ્ચિમે: માર્જિન અને ૬૯ , ઉત્તરે: માર્જિન અને બિલ્ડીંગ-ઈ , દક્ષિણે: બિલ્ડીંગ-સી

3	10240338	રાજેશભાઈ વલ્લભભાઈ ડાબી ,અમિતાબેન રાજેશભાઈ ડાબી	Rs. 8,86,127/- (રૂપિયા આઠ લાખ છયાંસી હજાર એકસો સત્તાવીસ પુરા)અને 15-10-2024	Rs. 11,28,300/- (રૂપિયા અગિયાર લાખ અઠ્ઠાવીસ હજાર ત્રણસો પુરા)	Rs. 1,12,830/- (રૂપિયા એક લાખ બાર હજાર આઠસો ત્રીસ પુરા)	વાસ્તવિક	Rs. 9,97,007/- (રૂપિયા નવ લાખ સત્તાણુહજાર સાત પુરા) તા.૨૮.૦૪.૨૦૨૫ ના રોજ

સુરક્ષિતમિલકત/સ્થાવરમિલકત/ગીરોમિલકતનું વર્ણન : તમામ અધિકારો,ખંડ અને અખંડિત ભાગોની બનેલી સ્થાવર મિલકતપ્લોટ નં. ૩૦,ક્ષેત્રફળ ૪૦.૦૭ ચો.મી.ની સાથે ઓમ નગર-૨નીરોડ અને સીઓપી અવિભાજિત જમીનનો ૧૬.૦૨ ચો.મી. ભાગ કુલ ક્ષેત્રફળ ૫૬.૦૯ ચો.મી. રહેણાંક હેતુની બિનખેતી જમીન બ્લોક નં.૪૦૧ , રે.સ.નં.૪૨૧,મોજે ગામ કામરેજ, પેટા જિ.તા.કામરેજ, જિ.સુરત ગુજરાત **ચતુઃસીમાઃ** પૂર્વે : પ્લોટ નં.૪૧ , પશ્ચિમે : સોસાયટીનો રોડ, ઉત્તરે : પ્લોટ નં.૨૯, દક્ષિણે: પ્લોટ નં.૩૧

4	10131179	રમેશભાઈ બચુભાઈ મોર,મંગુબેન રમેશભાઈ મોર	Rs. 13,26,918/- (રૂપિયા તેર લાખ છવ્વીસ હજાર નવસો અઢાર પુરા)અને ૧૫-૧૦-૨૦૨૪	Rs.16,40,000/- (રૂપિયા સોળ લાખ ચાલીસ હજાર પુરા)	Rs.1,64,000/- (રૂપિયા એક લાખ ચોંસઠ હજાર પુરા)	વાસ્તવિક	Rs. 15,13,426/- (રૂપિયા પંદર લાખ તેર હજાર ચારસો છવ્વીસ પુરા) તા.૨૮.૦૪.૨૦૨૫ ના રોજ

સ્થાવરમિલકતનું વર્ણન : મિલકત-એ : તમામ અધિકારો ,ખંડ અને અખંડિત ભાગ ધરાવતી સ્થાવર મિલકતદુકાન નં.એફ-૩૯ ,પહેલા માળે ,બિલ્ટઅપ એરિયાક્ષેત્રફળ ૧૮.૫૮ ચો.મી.ની સાથે પ્લોટીનમ પ્લાઝા ની અવિભાજિત જમીનનો પ.૫૭ ચો.મી.ભાગ સુકેતુ કોર્પોરેશનનું બાંધકામ વ્યવસાયિક હેતુની બિનખેતી જમીન નોટીફાઈડ એરિયા જીઆઈડીસી પ્લોટ નં.સીએમ/૧૨ સ.નં.૫૫૬ મોજે ગામ કોસમાડી , પેટા જિ.અંકલેશ્વર , જિ.ભરૂચ ગુજરાત
ચતુઃસીમાઃ પૂર્વે : પેસેજ , પશ્ચિમે : દુકાન નં.એફ-૨૬ , ઉત્તરે : પેસેજ , દક્ષિણે: દુકાન નં.એફ-૨૪
મિલકત-બી : તમામ અધિકારો ,ખંડ અને અખંડિત ભાગ ધરાવતી સ્થાવર મિલકતદુકાન નં.એફ-૨૫ ,પહેલા માળે ,બિલ્ટઅપ એરિયાક્ષેત્રફળ ૧૮.૫૮ ચો.મી.ની સાથે પ્લોટીનમ પ્લાઝા ની અવિભાજિત જમીનનો પ.૫૭ ચો.મી.ભાગ સુકેતુ કોર્પોરેશનનું બાંધકામ વ્યવસાયિક હેતુની બિનખેતી જમીન નોટીફાઈડ એરિયા જીઆઈડીસી પ્લોટ નં.સીએમ/૧૨ સ.નં.૫૫૬ મોજે ગામ કોસમાડી ,પેટા જિ.અંકલેશ્વર , જિ.ભરૂચ ગુજરાત
ચતુઃસીમાઃ પૂર્વે : દુકાન નં.એફ-૨૪ , પશ્ચિમે: પેસેજ , ઉત્તરે : દુકાન નં.એફ-૩૮ , દક્ષિણે: પેસેજ

આથી જાહેર જનતાને તેમની બીડ(બીડસ) રૂબરૂમાં રજુ કરવા વિનંતી કરવામાં આવે છે.કોઈ અધિકારી કે અન્યવ્યકિતની નિમણુંક આ વેચાણ માટે કરવામાં નથી આવી. જેથી કોઈ પણ રીતે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે બીડ રજુ નહીં કરી શકે કે વેચાણ માટેની સ્થાવર મિલકતમાં કોઈ હિત ધરાવી નહીં શકે.આ વેચાણ સિકયુરીટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ)રૂલ્સ ,૨૦૦૨ના નીચે જણાવેલા નિયમો અને શરતો મુજબ થશે.

નોંધ :-મિલકતોનું ઈ-ઓકશન વેચાણ ઈ-ઓકશન પોર્ટલ https://bankauctions.in દ્વારા તા.૨૯.૦૫.૨૦૨૫ના રોજ બપોરે ૨.૦૦ થી ૩.૦૦ દરમિયાન દરેકને પાંચ મિનિટના અમર્યાદિત વધારા સાથે થશે.

નિયમો અને શરતઃ ૧. નીચે આપવામાં આવેલી માહિતી નીચે સહી કરનારની ઉત્તમ જાણકારી મુજબ છે. પરંતુ તેમાં જો કોઈ ખોટું નિવેદન હશે અથવા જાહેરાત કરતી વખતે કોઈ ભુલ કે ચૂક રહી ગઈ હશે તો તેનાં માટે અધિકૃત અધિકારી જવાબદાર રહેશે નહીં. બીડની રકમમાં જો કોઈ વિવાદ ઊભો થશે તો એ લોટ ફરીથી વેચાણ માટે મૂકવામાં આવશે. અને ગીરવે લેનારનો નિર્ણય આ બાબતે અંતિમ માનવામાં આવશે. **૨.** મિલકત અનામત કિંમતથી નીચા ભાવે વેચવામાં આવશે નહીં. **૩.** બીડની બોલીમાં **રૂ.૧૦,૦૦૦/- (ફક્ત દસ હજાર)**નાં ગુણાંકમાં વધારો કરવાનો રહેશે. **૪.** મિલકતની ખરીદી માટે તમામ બીડની સાથે અર્નેસ્ટ મની ઉપર જણાવ્યા મુજબ ડિમાન્ડ ડ્રાફ્ટમાં ''ટાટા કેપિટલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ''સુરત ખાતે ચૂકવવાને પાત્ર મોકલવાનો રહેશે. હરાજી પુરી થયા બાદ નિષ્ફળ બીડરને ઈએમડીનો ડ્રાફ્ટ પાછો આપી દેવામાં આવશે. **ઈએમડીની** ચુકવણી **એનઇએફટી/આરટીજીએસ/આઇએમપીએસ** દ્વારા કરવાની રહેશે તેના માટે અધિકૃત અધિકારીનો સંપર્ક કરવો. **૫.** સૌથી ઊંચી બોલી લગાવનાર બીડરને સફળ જાહેર કરવામાં આવશે અને તે અથવા તેણી કાયદેસર રીતે ઓકશનમાં ભાગ લેવાને પાત્ર છે એમ માની લેવામાં આવશે. અનામત કિંમતથી ઓછી કિંમતે મિલકતનું વેચાણ થશે નહીં અને સૌથી ઊંચી બોલી અથવા તો જે કિંમત રાખવામાં આવી હશે તે સ્વીકારવી કે ન સ્વીકારવી તે અધિકૃત અધિકારીની મુનસફી પર આધાર રાખે છે. **૬.** કોઈપણ કારણોસર વેચાણ મુલતવી રાખવું કે રદ કરવું તે બાબતનો નિર્ણય કરવાની અધિકૃત અધિકારીને સત્તા છે. **૭.** મિલકતની તપાસણી **તા. ૨૯-૦૫-૨૦૨૫ ના રોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા** સુધી અગાઉથી મંજૂરી લઈ કરી શકાશે. **૮.** સફળ બીડરે તેણે જાહેર કરેલી કુલ વેચાણ કિંમતની ૨૫ ટકા રકમ તાત્કાલિક ચૂકવવાની રહેશે, જેમાં ઈએમડીનો સમાવેશ થઈ જશે. આ રકમ ૨૪ કલાકની અંદર ચૂકવી દેવાની રહેશે. તેમાં નિષ્ફળ ગયેલી ડિપોઝીટ સહીતની રકમ જપ્ત થશે અને તે મિલકત ફરીથી હરાજી અથવા વેચાણ માટે મુકવામાં આવશે. મિલકત ખાનગી કરાર દ્વારા પણ વેચી શકાશે. **૯.** ઉપર જણાવ્યા મુજબ ૨૫ ટકા રકમ જમા કરાવ્યા બાદ બાકીની રકમ ખરીદનારાઓએ ડીડી/આરટીજીએસ દ્વારા 'અધિકૃત અધિકારી'ને તેના વેચાણને મંજૂરી આપ્યાની તારીખથી ૧૫ દિવસમાં કરી દેવાની રહેશે. જેમાં રવિવાર તથા રજાનાં દિવસો આવી જતાં હશે તો ઓફિસ ખુલ્યાનાં પહેલાં દિવસે આ રકમ જમા કરાવવાની રહેશે. **૧૦.** ઉપર જણાવેલા સમય અનુસાર ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે તો મિલકતનું ફરીથી વેચાણ કરવામાં આવશે અને તેમાં ખાનગી સોદાને પણ આવરી લેવામાં આવશે અને ઈએમડી સહિતની ભરેલી રકમ ટાટા કેપિટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરફથી જપ્ત કરી લેવામાં આવશે. નિષ્ફળ ખરીદનારનો મિલકત પરનો કોઈ દાવો સ્વીકારવામાં આવશે નહીં. **૧૧.** મિલકત પર કોઇપણ પ્રકારનો બોજો કે દાવો લેણા નિકળતા નથી અને ટાટા કેપિટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ ની જાણ મુજબ આ મિલકત પર બોજો શૂન્ય છે. ઉપરના ટેબલમાં માહિતી આપવામાં આવી છે.સંભવિત બીડરની સલાહ આપવામાં આવે છે કે, ઇ ઓકશનમાં ભાગ લેતા પહેલ